PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/કવા–૦૨/૧૭–૧૮/૮૮૪૯ તા. ૧૧-૧૦- 17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઉકાભાઈ નાથાભાઈ છાયાણી,
ગામ: જસદણ
કાનજી પરા ચિતલીયા કુવા રોડ
ગેલ કૃપા શોપીગ સેન્ટર,
શેરી નંબર: –૪,
જસદણ
મો: ૯૪૨૬૫ ૧૪૧૩૭

વિષય :–ખેતીવાડી વીજજોડાણ માટે
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૭–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૧/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.જાજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, જસદણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૧/કવા-૦૨/૧૭-૧૮ કમિટી મીટીંગ: તા. ૧૪-૦૯-૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:- ૧ અરજદાર ફરીયાદી**

**અરજદાર (ફરીયાદી): નામ: ઉકાભાઈ નાથાભાઈ છાયાણી, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, જસદણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)**

## : હુકમ :

## ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ માટે

**મુદ્દા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ તા.૨૮-૦૭-૧૭ તેમજ તા.૧૪-૦૮-૧૭ અને તા.૨૪-૦૮-૧૭ ના રોજ અરજદાર શ્રી ના પુત્ર અનીલભાઈ ઉકાભાઈ છાયાણી રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓશ્રીએ જસદણ પેટા વિભાગીય કચેરી મા, અગાઉ તા.૧૯-૦૯-૮૮ ના રોજ, નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ ની અરજી મંજુર થતા, મંજુરી ની રકમ પણ, તેઓએ તા.૦૫-૦૬-૧૯૯૧ ના રોજ, પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ હતી. તેમજ, તે સમયગાળા દરમ્યાન અરજદાર શ્રી સુરત મુકામે રહેતા હોય, ટેસ્ટ રીપોર્ટ ની કોઈ કાર્યવાહી કરેલ નથી. હાલ ત્યા વીજપોલ ઉભા છે, પરંતુ વીજવાયર હૈયાત નથી, આમ, આજદિન સુધી જોડાણ અપાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફોરમ કમિટી સમક્ષ તા.૨૪-૦૮-૧૭ ના રોજ રૂબરૂ મૌખીક ચર્ચા, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ઉપરોક્ત વિષય ગ્રાહક ની ફરીયાદ અન્વયે, જસદણ પેટા વિભાગીય કચેરી મા તપાસ કરતા, તેઓ દ્વારા જણાવેલ કે તા.૧૯-૦૯-૮૮ ના રોજ અરજદાર શ્રી ઉકાભાઈ નાથાભાઈ છાયાણી સાથે અન્ય ૧૩ અરજદારો એ સામાન્ય યોજના હેઠળ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી નોંધાવેલ હતી. પરંતુ, ફરીયાદી અરજદાર ની આ બાબતે કોઈપણ દસ્તાવેજીક પેપર્સ પૈકી ખેતીવાડી વીજજોડાણ અંગે ટી.આર. ભરવા અંગે ની તા.૨૫-૦૨-૯૩ ના રોજ, નાયબ ઈજનેર ગ્રામ્ય બાંધકામ પેટા વિભાગીય કચેરી ગુ.વિ. બોર્ડ જસદણ વાળો એક માત્ર પેપર ઉપલબ્ધ છે, બાકી ના દસ્તાવેજીક પેપર્સ ઉપરોક્ત કચેરી મા હાલ ઉપલબ્ધ ન હોય, બાકી ના અરજદાર ની કેઈસ ફાઈલ માથી અભ્યાસ કરતા એવુ ફલીત થયુ કે, કુલ ૧૪ અરજદારો નુ ગ્રુપ બનાવી – ડી-કેટેગરી મા ટ્રાન્સફોર્મર ઉભુ કરી અને વીજ જોડાણ આપવાની તાંત્રીક મંજુરી જે તે વખતે અપાયેલ હતી. અન્ય આસામીઓએ જે તે વખતે, કામ પૂર્ણ થયા બાદ ટેસ્ટ રીપોર્ટ રજુ કરી અને તેઓને વીજ જોડાણ ચાલુ કરાવેલ હતા. જ્યારે, અરજદાર શ્રી ઉકાભાઈ નાથાભાઈ છાયાણી એ જે તે વખતે ટેસ્ટ રીપોર્ટ રજુ કરેલ ન હોવાથી, તેઓનુ વીજ જોડાણ ચાલુ કરવામા આવેલ ન હતુ. સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા આ તમામ આસામીઓ ની એન્ટ્રી જોવામા આવેલ છે. જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરવામા આવેલ છે. |
| ૨.૨ | વધુમા કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ દ્વારા, તા.૧૩-૦૯-૧૭ ના રોજ જણાવેલ છે કે, જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા તપાસ કરતા, અરજદાર શ્રી ઉકાભાઈ નાથાભાઈ ના સામાન્ય યોજના હેઠળ ના વીજ જોડાણ માટે ની કેઈસ ફાઈલ કચેરી મા ઉપલબ્ધ નથી. અને જુના પી.આર.ટી. મા પણ તેઓનુ નામ નથી. તદઉપરાંત, જસદણ પેટા વિભાગીય કચેરી મા અરજદાર શ્રી ના નામનો કોઈ જ રેકર્ડ ઉપલબ્ધ નથી. જે બાબત નુ રોજકામ પણ સબંધક કચેરી દ્વારા તા.૧૦-૦૯-૧૭ ના રોજ કરેલ છે. જેની નકલ ફોરમ કમિટી સમક્ષ પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ છે. |

| | |
|---|---|
| **૨.૩** | તદ ઉપરાંત, કાર્યપાલક ઈજનેર દ્રારા જણાવેલ કે, અરજદાર શ્રી ઉકાભાઈ નાથાભાઈ ના માલીકી ના જસદણ મુકામે ના માંગેલ ખેતીવાડી વીજજોડાણ ના સ્થળે તા.૧૩ –૦૯–૧૭ ના રોજ એક સ્થળ રોજકામ કરાયેલ છે, જેની નકલ ફોરમ કમિટી સમક્ષ પીજીવીસીએલ દ્રારા રજુ કરાયેલ છે. સદર રોજકામ મુજબ, અરજદાર ના કુવા પાસે એક વીજ પોલ ઉભો છે, જેના પર તા.૧૬–૦૮–૯૧ વંચાય છે. આ વીજ પોલ ઉપર થી તુટેલ છે. અને તે વીજ પોલ ના ઉત્તર–પૂર્વ બાજુ બીજા બે પોલ ઉભા છે. આમ, ઉપરોક્ત અરજદાર ના ખેતર મા હાલ ત્રણ પોલ ઉભા છે. તેના વાયરીંગ જોવા મળતુ નથી. |
| **૨.૪** | ફોરમ કમિટી ના આદેશ અનુસાર, કાર્યપાલક ઈજનેર જસદણ દ્રારા નાયબ ઈજનેર જસદણ પેટા વિભાગીય કચેરી પાસેથી એચ–૩ ની નકલ, ઈ–૭ રજીસ્ટર મા એન્ટ્રી થયેલ હોય તો તેની નકલ, તેમજ સદર અરજદાર પાસેથી પીજીવીસીએલ ની બાકી રહેલ લેણી રકમ અંગે, તેમજ સદર વીજ જોડાણ અપાયેલ હોય તો, સીસ્ટમ મા એક્સ થયેલ છે કે કેમ? વગેરે દસ્તાવેજીક પુરાવા માંગવામા આવેલ, પરંતુ, આવી કોઈપણ વિગત પેટા વિભાગીય કચેરી મા ઉપલબ્ધ નથી, તેવુ કાર્યપાલક ઈજનેર જસદણ દ્રારા ફોરમ કમિટી ને તા.૧૪–૦૯–૧૭ ના રોજ મૌખીક જણાવેલ છે. |
| **૨.૫** | તદઉપરાંત અરજદાર શ્રી ને લગત કોઈ રેકર્ડ સબંધક જસદણ પેટા વિભાગીય કચેરી મા ઉપલબ્ધ ન હોય તેવુ કાર્યપાલક ઈજનેર શ્રી એ જણાવતા, ફોરમ કમિટી ના આદેશ અનુસાર – અરજદાર શ્રી ઉકાભાઈ નાથાભાઈ છાયાણી દ્રારા જે તે વખતે જરૂરી ટેસ્ટ રીપોર્ટ રજુ કરેલ ન હોવાથી, કંપની તરફથી તેઓને વીજ જોડાણ અપાયેલ નહી. તેવુ પ્રતિપાદીત થાય છે. તેને અનુસંધાને અરજદાર દ્રારા – એગ્રીમેન્ટ સમયગાળા દરમ્યાન નો ન્યુનતમ ચાર્જ ભરપાઈ કરવા તૈયાર છે, તેવુ લેખીત સંમતીપત્ર ફોરમ કમિટી સમક્ષ પીજીવીસીએલ દ્રારા રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ ફોરમ કમિટી સમક્ષ તા.૨૪–૦૮–૧૭ ના રોજ રૂબરૂ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ , તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર શ્રી તેમજ પીજીવીસીએલ દ્રારા ફોરમ કમિટી સમક્ષ લેખીત તેમજ મૌખીક રજુઆત અન્વયે તેવુ પ્રતિપાદીત થાય છે કે જે તે વખતે અરજદાર શ્રી દ્રારા જરૂરી ટેસ્ટ રીપોર્ટ રજુ કરેલ ન હોવાથી, તેઓને વીજ જોડાણ કંપની તરફથી અપાયેલ નહી. હાલ ના તબ્બકે, અરજદાર શ્રી ઉકાભાઈ નાથાભાઈ છાયાણી દ્રારા – એગ્રીમેન્ટ ના સમયગાળા દરમ્યાન નો ન્યુનતમ ચાર્જ ભરપાઈ કરવા તૈયાર છે, તેવુ લેખીત સંમતીપત્ર આપેલ હોય, તેઓને ઉપરોક્ત રકમ ભરપાઈ કર્યે પીજીવીસીએલ દ્રારા જરૂરી નેટવર્ક ઉભુ કરી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૪૫ મા વીજ જોડાણ આપવુ તેવો ફોરમ કમિટી તરફથી ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવા બાબતે ની પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ડી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબતત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરમાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.